GJDH060005422026

કેસ પ્રાપ્તિ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬

કેસ દાખલ તારીખ: ૦૧/૦૫/૨૦૨૬

કેસ નિર્ણીત તારીખ: ૦૧/૦૯/૨૦૨૬

અવધી: ૦૦–વર્ષ, ૦૪–માસ, ૦૦–દિવસ

---

**મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી કરણ પી. યાદવ સાહેબની કોર્ટમાં, મુ.ધાનપુર.**

---

**ફોજદારી કેસ નં.૩૨૪/૨૦૨૬**
**આંક–૧૯**

---

**FORM –A**

| **મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી કરણ પી. યાદવ સાહેબની કોર્ટમાં, મુ.ધાનપુર** | |
|---|---|
| જજમેન્ટની તારીખ | ૦૧/૦૯/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૩૨૪/૨૦૨૬ |
| ગુનાની કલમ | પ્રોહી એકટની કલમ–૬૫(ઈ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી પક્ષે વકીલશ્રી | એ.પી.પી.શ્રી એલ.કે.ખરાડી |
| આરોપી | કિરણભાઈ બળવંતભાઈ બારીઆ<br>રહે.ડભવા, પટેલ ફળીયુ, તા. ધાનપુર, જી.દાહોદ |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | વિ.વ.શ્રી ડી. જી. પવાર |

**FORM –B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની.તારીખ | ૨૯/૦૧/૨૦૨૫ |

| | |
|---|---|
| પ્લી/ તહોમતનામું ઘડયાની તારીખ રીખ | ૧૮/૦૫/૨૦૨૬ |
| પુરાવાની શરુઆતની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદામાટે અનામત રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૯/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો. | -- |

**–: આરોપીની વિગત:–**

| અનું નં. | આરોપી નું નામ | ધરપકડની તારીખ | જામીન પર મુકિતની તારીખ | અધિનિયમ અને કલમ | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવા માં આવેલ સજા | C.R.P.C. કલમ૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | કિરણભાઈ બળવંતભાઈ બારીઆ | ૨૯/૦૧/૨૦૨૫ | ૩૦/૦૧/૨૦૨૫ | પ્રોહી એકટની કલમ– ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ | નિર્દોષ | – | – |

**FORM-C**

**–: ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટના સાક્ષીઓની યાદી:–**
**(એ) ફરિયાદ પક્ષ**

| અનુ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW–1 | અરવિંદભાઈ જુવાનસિંગ | પંચસાહેદ |
| PW–2 | કલ્પેશભાઇ ડાહયાભાઇ | ફરીયાદી |
| PW–3 | અનિલકુમાર દરબારસિંહ | ત.ક.અ. |

**–: ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટના અંકની સુચી:–**

**(એ) ફરિયાદ પક્ષ**

| અનુ નં. | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચસાહેદ અરવિંદભાઇ જુવાનસીંગની જુબાની |
| ૨ | ૦૮ | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| ૩ | ૧૦ | ફરીયાદી કલ્પેશભાઈ ડાહ્યાભાઈની જુબાની |
| ૪ | ૧૧ | ફરીયાદ |
| ૫ | ૧૮ | ત.ક.અ. અનિલસિંહ દરબારસિંહની જુબાની |

**::–ચુકાદો –::**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હીકકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૦૪/૫૦ વાગ્યે મોજે વેડ ચોકડી ગામે રોડ ઉપર આ કામના આરોપી હોન્ડા કંપનીની સાઈન મો.સા વગર નગરની જેનો એંજીન નંબર JC83E–G–0205335 તથા ચેસીસ નંબર MEUJC832KLGO82938 તેણે પ્રોહીબીશન હેરાફેરી કરવાના ઈરાદે પ્રોહી પ્રતિબંધક એરીયામાં બિનઅધિકૃત રીતે આરોપી (૧) કિરણભાઈ બળવંતભાઇ બારીઆ ના કબ્જાની હોન્ડા કંપનીની ઉપર જણાવેલ મો.સા ની ઉપર આરોપી નં(૨) ઈશ્વરભાઈ જાગીરીયાભાઈ કીરાડ રહે. ગોળ આંબા, તા.કડીવાડા, જી. અલીરાજુપરા નાએ મુદ્દામાલ ભરાવી આરોપીનં.(૩) અર્જુનભાઈ રહે. જંબુસર, તા. બારીઆ, જી.દાહોદ નાએ પ્રોહી. મુદ્દામાલ મંગાવી પ્રોહી પ્રતિબંધક એરીયામાં બિનઅધક્રિત રીતે પ્રોહીબીશનની હેરાફેરી કરવાના ઈરાદે ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્લાસ્ટીકની બોટલ ગોઆ સ્પીરીટ ઓફ સ્મુથનેસ વ્હીસ્કી નંગ–૨૪૦ ની કિ.રૂા.૩૨,૪૦૦/– તથા માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ મી.લી. ના પતરાના ટીન બીયર બોટલ નંગ–૯૬ ની કુલ કિ.રૂા.૧૨,૪૮૦/– આમ કુલ બોટલ નંગ–૩૩૬ ની કિ.રૂા. ૪૪,૮૮૦/– નો પ્રોહી. મુદ્દામાલ તથા મો.સા ની

કિ.રૂા.૩૦,૦૦૦/– એમ મળી કુલ કિ.રૂા.૭૪,૮૮૦/– નો મુદ્દામાલ ઉપરોકા મો.સા ઉપર લઈ આવી પોલીસને જોઈ આરોપી નં.૧ ભાગવા જતા પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો કરેલ છે. જે બાબતની ફરીયાદ ફરીયાદીએ ધાનપુર પો.સ્ટેમાં ગુ.ર.ન. ૧૧૮૨૧૦૧૪૨૫૦૧૨૧/૨૦૨૫ થી જાહેર કરેલ છે.

૨. માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા તાજેતરમાં R/CRIMINAL MISC.APPLICATION NO. 8892 of 2018 ના ચુકાદામાં પેરા નં. ૧ ૦ માં એવુ ઠેરવવામાં આવેલ છે કે ''The result of the above discussion is that: (01) by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" તેમજ નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશશ્રીએ કચેરી આદેશ જા.નં .ક્રિમીનલ/૨૦૦૯/૨૦૧૭ તા.૧૨/૧૦/૨૦૧૭ના રોજ કરેલ હુકમ ને ધ્યાને રાખી આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપીઓ અદાલતમાં હાજર થયેલા. આરોપીઓને બી.એન.એસ.એસ. કલમ: ૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી**, આંક– ૦૪** થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી **આંક– ૦૫** થી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓ દૃવારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. બી.એન.એસ.એસ. કલમ: ૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોં ધવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે અને ત્યાર બાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો

સાંભળી.

૪. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧)** શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કાકમના આરોપીએ ગઇ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૦૪/૫૦ વાગ્યે મોજે વેડ ચોકડી ગામે રોડ ઉપર આ કામના આરોપી હોન્ડા કંપનીની સાઈન મો.સા વગર નગરની જેનો એંજીન નંબર JC83E-G-0205335 તથા ચેસીસ નંબર MEUJC832KLGO82938 તેણે પ્રોહીબીશન હેરાફેરી કરવાના ઈરાદે પ્રોહી પ્રતિબંધક એરીયામાં બિનઅધિકૃત રીતે આરોપી (૧) કિરણભાઈ બળવંતભાઇ બારીઆ ના કબ્જાની હોન્ડા કંપનીની ઉપર જણાવેલ મો.સા ની ઉપર આરોપી નં(૨) ઈશ્વરભાઈ જાગીરીયાભાઈ કીરાડ રહે. ગોળ આંબા, તા.કડીવાડા, જી. અલીરાજુપરા નાએ મુદ્ધામાલ ભરાવી આરોપીનં.(૩) અર્જુનભાઈ રહે. જંબુસર, તા. બારીઆ, જી.દાહોદ નાએ પ્રોહી. મુદ્ધામાલ મંગાવી પ્રોહી પ્રતિબંધક એરીયામાં બિનઅધક્રિત રીતે પ્રોહીબીશનની હેરાફેરી કરવાના ઈરાદે ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્લાસ્ટીકની બોટલ ગોઆ સ્પીરીટ ઓફ સ્મુથનેસ વ્હીસ્કી નંગ-૨૪૦ ની કિ.રૂા.૩૨,૪૦૦/- તથા માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ મી.લી. ના પતરાના ટીન બીયર બોટલ નંગ-૯૬ ની કુલ કિ.રૂા.૧૨,૪૮૦/- આમ કુલ બોટલ નંગ-૩૩૬ ની કિ.રૂા. ૪૪,૮૮૦/- નો પ્રોહી. મુદ્ધામાલ તથા મો.સા ની કિ.રૂા.૩૦,૦૦૦/- એમ મળી કુલ કિ.રૂા.૭૪,૮૮૦/- નો મુદ્ધામાલ ઉપરોકા મો.સા ઉપર લઈ આવી પોલીસને જોઈ આરોપી નં.૧ ભાગવા જતા પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## **::- નિર્ણય માટેના કારણો -::**

**મુદ્દા નં.૧ અને ૨.**

૬. ફરીયાદપક્ષ તરફે **આંક-૦૭** થી પંચસાહેદ અરવિંદભાઇ જુવાનસીંગ બારીઆનાઓની જુબાની રજુ થયેલ છે. જેમાં સદરહું પંચસાહેદે તૈયાર લખેલા પંચનામામાં સહી કરી આપેલી અને તે સિવાય બીજુ કાઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ પંચસાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી. ઉલટતપાસમાં સદરહુ પંચસાહેદે તેમને પંચનામાં વિશે કોઈ જાતમાહિતી નથી અને પોલીસે તેમને પંચનામું વાંચી સંભળાવેલ નહી તેવુ કબુલેલ છે. સદરહુ પંચસાહેદના પુરાવાથી પંચનામાની હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહીં આમ, પોલીસની કાર્યવાહીને પંચની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરિયાદ પક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૭. આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક-૧૦** થી ફરીયાદી કલ્પેશભાઇ ડાહ્યાભાઈ તથા **આંક-૧૪** થી ત.ક.અ અનિલસિંહ દરબારસિંહ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદો તેમની જુબાનીમાં ફરીયાદની હીકકતને સમર્થન આપતી હકીકતનો જણાવી પંચો રૂબરુ પંચનામાની વિગતે પરપ્રાંતિય મુદ્દામાલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. જયારે સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરાવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે, પેટ્રોલીંગમાં નીકળેલા તે ગાડી કયા નંબરની હતી ,કઈ કંપનીની હતી અને કોણ ચલાવતુ હતુ તેની વિગત મારી ફરીયાદમાં જણાવેલ નથી. સ્થળ ઉપર પંચનામું કરવામાં આવેલ નહી. વેડ ચોકડી પાસે આજુબાજુ રહેણાંકના મકાનો તથા દુકાનો આવેલ છે તેમજ

માણસોની સતત અરવ જવર વાળો વિસ્તાર છે. વેડથી ગઢા થઈને ટોકરવા જે રસ્તો જાય છે તે રસ્તા પર ઘણીવાર બિનવારસી મુદ્ધામાલ પણ મળી આવે છે. અમે બાઈક સાથે આરોપીને પકડી લીધેલ હોય તેવુ બનેલ નથી. જયારે આ કામના ત.ક.અ નાઓની ઉલટતપાસ વંચાણે લેતા તેઓએ એવી હકિકત કબુલેલ છે કે, પેટ્રોલીંગમાં નીકળેલા તે ગાડી કયા નંબરની હતી ,કઈ કંપનીની હતી અને કોણ ચલાવતુ હતુ તેની વિગત ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવેલ નથી. પેટ્રોલીંગમાં જતા હોય તો પ્રિન્ટર કે લેપટોપ સાથે રાખતા નથી. સ્થળ ઉપર પંચનામું કરવામાં આવેલ નહી. વેડ ચોકડી પાસે આજુબાજુ રહેણાંકના મકાનો તથા દુકાનો આવેલ છે તેમજ માણસોની સતત અરવ જવર વાળો વિસ્તાર છે. વેડથી ધાનપુર આવતા સુધી કોઈ રનીંગ પંચનામું કરવામાં આવેલ નહી. વેડથી ગઢા થઈને ટોકરવા જે રસ્તો જાય છે તે રસ્તા પર ઘણીવાર બિનવારસી મુદ્ધામાલ પણ મળી આવે છે. આ કામે વેડ ગામના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાનું જણાવેલ છે.

૮. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનુ કથન થયેલ છે તે પંચ સાહેદે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. ત.ક.અ.શ્રીએ ફરીયાદ હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ સદર સાહેદે ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામું સ્થળ ઉપર કરવામાં આવેલુ નહી. આમ આ કામે બનાવવાળા સ્થળેથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી કે પંચો સિવાય સ્વતંત્ર સાહેદોને ચાર્જશીટમાં દર્શાવેલ નથી. કહેવાતો જે મુદ્દામાલ કબજે કરી પૃથ્થકરણ માટે સેમ્પલ લેવામાં આવેલ તે પૃથ્થકરણ અહેવાલ

આ કામે રજુ થયેલ નથી. તેમજ આ કામે વાહન અંગેની માલીકી બાબતે આ કામના તપાસ કરનાર અમલદારે આર.ટી.ઓમાં કોઈ તપાસ કરી નથી અને આ કામના પંચસાહેદની જુબાનીમાં પણ મુદ્દામાલ વાહન બાબતે કોઇ ઉલ્લેખ કરેલ નથી તેમજ જયારે આ કામે રીકવરી જ પુરવાર થતી ના હોય સદર વાહનમાંથી જ મુદ્દામાલ મળી આવેલ હોય તે હકિકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ સ્ટાફના હોય જેથી તેઓને ફરીયાદ પક્ષના કેસમાં રસ ધરાવતા વ્યકિત હોવાનુ ગણી શકાય. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિંધ્ધાત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં રહે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિમંતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો** ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર અધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના

પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં કબજે કરેલ મુદ્દામાલ વિદેશી દારૂ હતો તે સંદર્ભે કોઈ પૃથ્થકરણ અહેવાલ પણ આ કામે રજુ થયેલો નથી. વધુમાં, **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ. –એચ.સી.–પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપીઓ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય.

૯. વધુમાં,**ધીરજલાલ ગાંડાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧ જી.એલ.આર.પાના નં.૪૩૩** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જયારે મુદ્દામાલ પંચોની સહી સાથે શીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદીના પુરાવાને સમર્થન આપતો ના હોય ત્યારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) માં જણાવેલ અનુમાન કરી શકાય નહીં. વધુમાં, **ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨(૨) જી.એલ.એચ.(યુ.જે.)૧૧**માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલની ખરાઈ કરેલ ન હોય તો પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી)માં જણાવેલ અનુમાન થઈ શકે નહીં.

૧૦. ક્રીમીનલ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાતો મુજબ આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદ પક્ષ

આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીઓને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરુ છું.

::- **હુ ક મ** -::

(૧) બી.એન.એસ.એસ. કલમ કલમ-૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી કિરણભાઈ બળવંતભાઈ બારીઆ રહે.ડભવા, પટેલ ફળીયુ, તા. ધાનપુર, જી.દાહોદ વાળાનાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ),૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઈ ને સોપવાનો હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ ગાડીનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઈ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી પી.આઇ. શ્રી ધાનપુરનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ. કલમ કલમ–૪૮૦ એ અન્વયે આરોપીઓને હુકમ તારીખથી ૬ માસ સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:: ૧ લી, માહે:: સપ્ટેમ્બર, સન–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| સ્થળ : ધાનપુર<br>તા.૦૧/૦૯/૨૦૨૬ | **(કે.પી.ચાદવ)**<br>**મુખ્ય જે.એમ.એફ.સી.ધાનપુર**<br>**જજ કોડ નં. જી.જે.૦૧૬૭૭** |